GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ –પ્રારંભિક બાળસંભાળ: અધ્યયનનો શૈક્ષણિક પાયો

**કિરીટ બી.ત્રિવેદી–"નિમિત"**

બી.ઈ.(મેક.),એમ.બી.એ.(માર્કેટીંગ), ગાંધીનગર, મો.૯૯૯૮૮૭૯૬૧૯

## (૧) પ્રસ્તાવના:–

**विद्यां ददाति विनयं विनयाद् याति पात्रताम्।**

**पात्रत्वात् धनमाप्नोति धनात् धर्मं ततः सुखम्।।**

भावार्थ:–ज्ञान विनय देता है; विनय से पात्रता, पात्रता से धन, धन से धर्म और धर्म से सुख की प्राप्ति होती है।

ઈશ્વરની અસીમ કૃપાથી મનુષ્ય જીવન પ્રાપ્ત થયું છે એવા આપણાં આ જીવનને સાફલ્યતા તરફ અગ્રેસર બનાવવા, જીવનને ખરા અર્થમાં જીવંત બનાવવા માનવીનું અમુલ્ય ધન છે તે "શિક્ષણ"ને અને શિક્ષણ પ્રથાને મુલવવાની વાત હોય કે,"શિક્ષણ"નું જીવનમાં શું મહત્ત્વ છે? એ બાબતને જ્યારે કસોટીના એરણ પર મુકવાની વાત હોય ત્યારે આપણે સૌ દિગ્મુઢ તો થવાના જ.શિક્ષણનું મૂલ્યાંકન?તેને શું ખરા અર્થમાં વળી મુલવી શકાય?એ શાશ્વત પ્રશ્ન રહેવાનો."શિક્ષણ" એ તો હવે મનુષ્યના જીવનનો એક અભિન્ન અંગ બનેલ છે એમ કહીએ તો અતિશયોક્તિ નહિં ગણાય.

એક "મા" ની પોતાના બાળક પરના હેતનું–પ્રેમનું–લાગણીનું–મમતાનું કોઈ મુલ્ય આંકી શકે ખરું?બસ આવું જ મનુષ્ય જાતે મેળવેલ તમામ પ્રકારના શિક્ષણનું ગણી શકાય.હા,શિક્ષણની વિવિધ પદ્ધતિઓ અને તેનું માનવજીવનમાં પડતી અસરો અને સમયાંતરે વિશ્વ–માનવીઓની બદલાતી જતી જીવનશૈલી અને સામાજીક રચના સાથે તેની જે તે સમયની સાથે યથાર્તતા આવશ્યકતા અને ઉપયોગિતા કેટલી? એ બાબત ચોક્કસ પણે મૂલ્યાંકન થવું જોઈએ એવું સૌ કોઈ સ્વિકારે છે. આ પરિપ્રેક્ષ્યમાં ભવ્યાતિત ભારતની આધુનિક શિક્ષણપ્રથા,શિક્ષણની પદ્ધતિઓ અન્વયે હવે "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦" માનવ જીવનકાળના મહત્ત્વના બાળ–જીવનને ખૂબજ મહત્ત્વ આપે છે.બાળકના સંચિત મગજનો ૮૫ % વિકાસ પ્રથમ છ વર્ષમાં થાય છે અને બાળકના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવા માટે શરૂઆતના વર્ષોમાં મગજની યોગ્ય કાળજી અને ઉત્તેજનાને અત્યંત મહત્ત્વ આપવા પર ભાર મૂકે છે. સમગ્ર દેશમાં તમામ નાના બાળકોને

ઉચ્ચ ગુણવત્તાની"પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ"(અર્લી ચાઇલ્ડહુડ કેર એન્ડ એજ્યુકેશન–ECCE) સાર્વત્રિક રીતે દરેક સમાજના બાળકોને પ્રાપ્ત થાય તેના પર આ નીતિ દ્વારા ભાર મુકવામાં આવેલ છે.અહીં ૩–૬વર્ષ સુધીના બાળકો માટે ખાસ અભ્યાસક્રમ અન્વયે અલગ–અલગ પ્રકારનાં શિક્ષણનો સમાવેશ કરે છે જેમાં:–

(અ) આ મુજબ શિક્ષણનો સમાવેશ થયેલ છે:–લવચીક,મલ્ટી લેવલ,બહુપક્ષીય, પ્લે–આધારિત,પૂછપરછ આધારિત, પ્રવૃત્તિ આધારિત. (બ)શીખવાની પદ્ધતિઓનો સમાવેશ થાય છે:–મૂળાક્ષરો, સંખ્યાઓ અને ગણતરી, રંગો અને આકાર,ભાષાઓ, ઈન્ડોર અને આઉટડોર નાટક, સમસ્યા ઉકેલવાની, કોયડાઓ અને તાર્કિક વિચારસરણી, હસ્તકલા, નાટક અને કઠપૂતળી, ચિત્રકામ, ચિત્રકામ અને અન્ય દશ્ય કલા, સંગીત અને ચળવળ.(ક) વિકાસ પર વધું ધ્યાન કેન્દ્રિત કરે છે:–સારું વર્તન, સામાજિક ક્ષમતાઓ, નીતિશાસ્ત્ર, સંવેદનશીલતા, સૌજન્ય, ટીમવર્ક અને સહકાર,વ્યક્તિગત અને જાહેર સ્વચ્છતા

"રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦" માં ખૂબ જ તલસ્પર્શી અભ્યાસ કરી મનોવૈજ્ઞાનિક રીતે બાળકનો શારીરિક વિકાસ,બૌદ્ધિક વિકાસ સ્તર,તેની સમજશક્તિ,તેનું બાળ સહજ આચરણ,તેની સામાજીક પૃષ્ઠભુમિ,કૌટુંબિક જીવન ખાસ વિષય પરની જ્ઞાન–પિપાસા બાળ સહજ અભિરુચિ ઓને ધ્યાને રાખી આ મુદાને લઈને ખૂબજ સરસ રીતે આયોજન–બધ્ધ શિક્ષણ પ્રણાલિકાઓ અને બાળકોની વયજૂથ મુજબ શિક્ષણના વિવિધ પાસાઓ સુપેરે ચર્ચ્યા છે.સમગ્ર પણે જોઈએ તો નવી રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ શિક્ષણની ગુણવત્તા વધારવા અને ભારતીય સમાજમાં સામાજિક–આર્થિક અસમાનતાના અંતરને દૂર કરવા માટે એક વ્યાપક વ્યૂહરચના પ્રદાન કરે છે. બાળ–શિક્ષણ–સંભાળ–એ તો જીવન યાત્રાના પ્રથમ પડાવ અને બાળ–માનસ માટે શિક્ષણનો સુવર્ણ–યુગ સમાન ગણવો જોઈએ.બાળ–માનસનો યોગ્ય વિકાસ,તેના દ્વારા સહજ ભાવે પુછાતાં પ્રશ્નો અને જવાબો મેળવવાની તાલાવેલી તેના આરોગ્યની માવજત,બાળ–માનસની મનોસ્થિતિને જાણવાની શિક્ષકની તૈયારી,શિક્ષકનું કૌશલ્ય,ધીરજતા,લાગણી–સ્નેહ,બાળકો માટેનો પ્રેમ વિગેરે યોગ્ય દિશામાં પ્રવાહિત થવા એટલે જ જરુરી બને છે અને આ માટે નવી શિક્ષણ નીતિ એક અતિઉતમ માધ્યમ બનવા જઈ રહેલ છે એવું આ ચોક્કસ કહી શકાય કારણ કે આ અંગે ખૂબજ અભ્યાસ પૂર્ણ રીતે વિશિષ્ટ

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

મુદ્દાઓનો સમાવેશ કરી પાઠ્યક્રમ,શિક્ષણ પદ્ધતિ અને બાળકોની–વિદ્યાર્થીઓની– ઉંમરનું નવિન રીતે વર્ગીકરણ કરવામાં આવેલ છે,જેનો અત્યાર સુધીની શિક્ષણ પદ્ધતિમાં અભાવ હતો.

એક જાણીતા બાળ મનોવિજ્ઞાની દ્વારા કહેલાં શબ્દો આજે યાદ આવે છે–

"બાળકો ભીના સિમેન્ટ જેવા હોય છે.તેમના પર જે પણ પડે છે તે છાપ બનાવે છે." – હેમ જીનોટ.

**(૨) ભારતની શાળા–શિક્ષણપ્રથાના ઈતિહાસના મહત્ત્વની તવારીખો:–**

આ તકે નવી શિક્ષણ નીતિની રચનાની પૂર્વ ભુમિકા અને શાળા–શિક્ષણપ્રથાની યાત્રા વિશે પણ જાણવું જોઈએ–૧૯૪૭ માં દેશ આઝાદ થયો ત્યારે ભારતના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નિરક્ષરતાની સમસ્યાના નિવારણ માટે કેન્દ્ર સરકારે એક એજ્યુકેશન સિસ્ટમ તૈયાર કરી હતી.એજ્યુકેશન કમિશન(૧૯૪૮–૧૯૪૯),સેકન્ડરી એજ્યુકેશન કમિશન (૧૯૫૨–૧૯૫૩),યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન(**યુજીસી**)અને કોઠારી કમિશન(૧૯૬૪–૧૯૬૬)ની સ્થાપના કરવામાં આવી હતી. ઈ.સ.૧૯૬૮માં તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ પહેલી એજ્યુકેશન પોલિસી તૈયાર કરી હતી. અને ત્યાર બાદ ઈ.સ.૧૯૮૬માં સ્વ.રાજીવ ગાંધીની આગેવાની વાળી સરકારે નવી એજ્યુકેશન પોલિસી બહાર પાડી હતી જે ખાસ કરીને મહિલાઓ,એસસી–એસટી માટે હતી એમ કહેવાય છે.૧૯૯૨માં સ્વ.પીવી નરસિમ્હા રાવની સરકારે એજ્યુકેશન પોલિસીમાં સુધારા વધારા કર્યા અને ૨૦૦૫માં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે પોલિસીને અપનાવેલ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીની સરકાર દ્વારા ૨૦૨૦મા નવી એજ્યુકેશન પોલિસી જાહેર થઈ છે.

(૩) **રાષ્ટ્રીય શિક્ષણ નીતિની વિશેષતાઓ:–**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની જરૂરિયાત ઉભી થવાનું કારણ એ છે કે,આ નીતિની રજૂઆત સુધી ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ઘણી ખામીઓ હતી.વિભાવનાઓની સમજ કરતાં યાદ રાખવાને વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત અનેક બોર્ડની હાજરી એ એક મોટો મુદ્દો હતો–દરેક બોર્ડમાં વિવિધ કૌશલ્યો માટે અલગ–અલગ શીખવાની પદ્ધતિઓ હતી અને પછી દરેક વિદ્યાર્થીએ સમાન પ્રમાણિત બોર્ડની પરીક્ષા આપવાની હતી.અગાઉના વર્ષોમાં, પરંપરાગત વિષયો શીખવા અથવા તેમાં નિપુણતા મેળવવા પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો અને વ્યાવસાયિક કુશળતા વિકસાવવા પર ઓછો ભાર મૂકવામાં આવ્યો હતો આવા

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

અનેક મુદ્દાઓની ક્ષતિ નિવારવા નવી શિક્ષણ નીતિમાં ભારતીય શિક્ષણ પ્રણાલીની તમામ ખામીઓ અને મર્યાદાઓનું ધ્યાન રાખવામાં આવ્યું છે.આ નીતિમાં વ્યવસાયિક અને ઔપચારિક શિક્ષણ વચ્ચેના અંતરને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે,કોઈ પણ બાળક જન્મના સંજોગો અથવા પૃષ્ઠભૂમિને કારણે શીખવાની અને શ્રેષ્ઠ બનવાની કોઈ તક ગુમાવે નહીં.સામાજિક અને આર્થિક રીતે વંચિત જૂથો પર વિશેષ ભાર આપવામાં આવશે.જેમાં લિંગ,સામાજિક–સાંસ્કૃતિક અને ભૌગોલિક ઓળખ અને વિકલાંગતાનો સમાવેશ થાય છે.આમાં જાતિ સમાવિષ્ટ ભંડોળની સ્થાપના અને વંચિત પ્રદેશો અને જૂથો માટે વિશેષ શિક્ષણ ક્ષેત્રનો પણ સમાવેશ થાય છે.વિકલાંગ બાળકો પાયાના તબક્કાથી ઉચ્ચ શિક્ષણ સુધીની નિયમિત શાળાકીય પ્રક્રિયામાં સંપૂર્ણ રીતે ભાગ લેવા સક્ષમ બનશે.દરેક જિલ્લા–રાજ્યને કલા–સંબંધિત,કારકિર્દી–સંબંધિત અને રમત–સંબંધિત પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે "બાલ ભવન્સ"ને ખાસ દિવસના બોર્ડિંગ સ્કૂલ તરીકે સ્થાપિત કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે.મફત શાળા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ સામાજિક ચેતના કેન્દ્રો તરીકે થઈ શકે છે.નવી રાષ્ટ્રીય શૈક્ષણિક નીતિ શિક્ષણની ગુણવત્તા વધારવા અને ભારતીય સમાજમાં સામાજિક–આર્થિક અસમાનતાના અંતરને દૂર કરવા માટે એક વ્યાપક વ્યૂહરચના પ્રદાન કરે છે.એક્સેસ, ઈક્વિટી, ગુણવત્તા,પોષણક્ષમતા અને જવાબદારીના પાયાના સ્તંભો પર બનેલી આ નીતિ ભારતના ઉજ્જવળ ભવિષ્યનું પ્રતિબિંબ દર્શાવે છે.ટકાઉ વિકાસ માટેના ૨૦૩૦ના એજન્ડા સાથે સંરેખિત અને શાળા અને કોલેજના શિક્ષણને વધુ સર્વગ્રાહી,લવચીક,બહુવિધ,૨૧મી સદીની જરૂરિયાતોને અનુરૂપ અને અનન્ય ક્ષમતાઓને બહાર લાવવાનું લક્ષ્ય બનાવીને ભારતને એક ગતિશીલ જ્ઞાન સમાજ અને વૈશ્વિક જ્ઞાન મહાસત્તામાં રૂપાંતરિત કરવાનો હેતુ છે. **શિક્ષણનો અર્થ છે સાર્વત્રિક માન્યતાના વિચારોને બહાર લાવવા જે દરેક માણસના મનમાં છુપાયેલા છે.– સોક્રેટીસ**

**(૪) રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં– "પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ" શા માટે મહત્ત્વનું છે?(ECCE):-**

પ્રારંભિક શિક્ષણ ૩ વર્ષની ઉંમરે શરૂ કરવાનું નિયત કરેલ છે. ફરજિયાત શાળાકીય શિક્ષણ ૩થી૧૮ વર્ષ રાખવામાં આવેલ છે. શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા પર ભાર મૂકવામાં આવ્યો છે અને માતૃભાષાને

ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

ફરજિયાત બનાવવાને બદલે શિક્ષણના માધ્યમ તરીકે ઉપયોગ કરવાનું સૂચન કરે છે.ગૃહભાષા,માતૃભાષા, સ્થાનિક ભાષા અથવા પ્રાદેશિક ભાષાનો ઉપયોગ ઓછામાં ઓછા ધોરણ–૫ સુધી શિક્ષણના માધ્યમ તરીકે કરવામાં આવશે. તમામ શાળા–સ્તરના શિક્ષણમાં સામાન્ય પ્રવેશ–શરૂઆતથી જ વિદ્યાર્થીઓનો સર્વગ્રાહી વિકાસ સુનિશ્ચિત કરવા માટે શાળા શિક્ષણમાં સાર્વત્રિક પ્રવેશ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

| **પૂર્વ પ્રાથમિક અભ્યાસ** | **બાળકની ઉંમર–૩ થી ૬ વર્ષ આંગણવાડી,બાળવાટીકા–પૂર્વશાળા** | **બાળકની ઉંમર–૬ થી ૮ ધોરણ:–૧ થી ૨,** |
|---|---|---|
| પ્રારંભિક અભ્યાસ | ધોરણ – ૩ થી ૫ અને બાળકની ઉંમર–૮ થી ૧૧ વર્ષ | |
| ઉચ્ચ પ્રાથમિક અભ્યાસ | ધોરણ – ૬ થી ૮ અને વિદ્યાર્થીની ઉંમર–૧૧ થી ૧૪ વર્ષ | |
| માધ્યમિક અભ્યાસ | ધોરણ – ૯ થી ૧૨ અને વિદ્યાર્થીની ઉંમર–૧૪ થી ૧૮ વર્ષ | |

"રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦"નો ગહન અભ્યાસ કર્યા બાદ એટલું તો ચોક્કસ છે કે,હવે ભારતની નવી શિક્ષણ પ્રણાલિકા અને અભ્યાસક્રમનું સમગ્ર માળખું તેમજ ગુરુ–શિષ્યના સંબંધો નવા 'પરિમાણ'ની રચના કરવા ગતિમાન થયેલ છે.આ નીતિમાં બાળ–સંભાળ અને બાળ–માનસની અપેક્ષાઓ પર ખૂબજ ભાર મુકવામાં આવ્યો છે.આપણે બધા જાણીએ છીએ કે, બાળકનું મગજ ૩ થી ૬ વર્ષની વય સુધી શીખવા માટે સૌથી વધુ સંવેદનશીલ અને વધુ ગ્રહણશીલ રહે છે.બાળકન મગજનો ૮૫% વિકાસ આ વર્ષો દરમ્યાન થઈ જાય છે અને તેથી જ આ સમયગાળને બાળકના મગજના યોગ્ય વિકાસ તથા શારીરિક વૃદ્ધિ માટે મહત્ત્વનો છે.ઘણા મનોવૈજ્ઞાનિકો અને ફિઝિયોલોજિસ્ટ્સ પણ સૂચવે છે કે શરૂઆતના વર્ષોમાં મગજનો જેટલો વધુ ઉપયોગ કરવામાં આવે છે તેટલી વધુ લાંબી અસર આપણી શીખવાની ક્ષમતા પર પડે છે. યુનિસેફ મુજબ,બાળકના સર્વગ્રાહી સામાજિક, ભાવનાત્મક, જ્ઞાનાત્મક અને શારીરિક વિકાસ માટે આ સૌથી નિર્ણાયક સમય છે જે જીવનભરના શિક્ષણ અને સુખાકારી માટે મજબૂત પાયો નાખે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ પ્રારંભિક બાળ–સંભાળ અને શિક્ષણ ખૂબજ અધ્યયન કરવામાં આવેલ છે.

**અહીં ECCE–એટલે, Early Child Care & Education મતલબ દર્શાવેલ છે પણ મારા મતે તો તે ખરેખર–Eco-Cardiograph of Child Emotions –ઈકો–કાર્ડીયોગ્રાફ ઓફ ચાઈલ્ડ ઈમોશન્સ–હોવું જોઈએ.**

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

જેમ કોઈ ડોકટર દર્દીનો ઈકો–કાર્ડીયોગ્રાફ જોઈને તુરત જ તેના હ્રદયની માંદગી માટે નિદાન કરે છે તેવી જ રીતે શિક્ષક પણ વિદ્યાર્થીની મનોભાવનાઓ–માનસીકતા સમજીને તેને અનુરુપ યોગ્ય શિક્ષણ આપે તો તે વિદ્યાર્થી જીવનમાં પ્રગતિ કરશે એવું ચોક્કસ માની શકાય.

**(૫)“પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ”(અર્લી ચાઇલ્ડહુડ કેર એન્ડ એજ્યુકેશન–ECCE) નો મુખ્ય ધ્યેય:–**

સમગ્ર દેશમાં તમામ નાના બાળકોને ઉચ્ચ ગુણવત્તાની સાર્વત્રિક રીતે દરેક સમાજના બાળકોને પ્રાપ્ત થાય તે છે અને તેના પર ભાર મુકવામાં આવેલ છે.અહીં ૩થી૬ વર્ષ સુધીના બાળકો માટે ખાસ અભ્યાસક્રમ અન્વયે અલગ–અલગ પ્રકારનાં શિક્ષણનો સમાવેશ કરવામાં આવેલ છે જેમાં નીચે મુજબના મહત્ત્વના મુદ્દાઓનો સમાવેશ થયેલ છે:–

**(૧) સર્વગ્રાહી વિકાસ:**–યુવા શીખનારાઓના સર્વાંગી વિકાસને પોષવાનો છે,તેમના જ્ઞાનાત્મક,સામાજિક, ભાવનાત્મક શારીરિક અને સર્જનાત્મક પાસાઓ પર ભાર મૂકે છે. તે સંતુલિત અને સર્વસમાવેશક શિક્ષણનો અનુભવ પ્રદાન કરાવે છે.

**(૨) પ્લે–આધારિત અને પ્રવૃત્તિ–આધારિત શિક્ષણ:** –બાળકોને શીખવાની પ્રક્રિયામાં હાથથી અનુભવો, શોધખોળ અને સક્રિય જોડાણ પ્રદાન કરવા માટે રમત–આધારિત અને પ્રવૃત્તિ–આધારિત અભિગમને પ્રોત્સાહિત કરે છે. તે પ્રયોગો,રમત અને અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા શીખવા માટે પ્રોત્સાહિત કરે છે.

**(૩) સર્વસમાવેશકતા અને સમાનતા:–** દરેક બાળક માટે સમાન ઍક્સેસ અને સહભાગિતા સુનિશ્ચિત કરીને સમાવેશ પર ધ્યાન કેન્દ્રિત કરે છે–તેમના લિંગ,સામાજિક–આર્થિક પૃષ્ઠભૂમિ,ક્ષમતા/સાંસ્કૃતિક વિવિધતાને ધ્યાનમાં લીધા વિના.

**(૪) કૌશલ્ય વિકાસ:** અભ્યાસક્રમ સર્જનાત્મકતા, વિવેચનાત્મક વિચારસરણી, સંચાર, સમસ્યાનું નિરાકરણ, સહયોગ અને સ્વ–અભિવ્યક્તિ સહિત મહત્ત્વપૂર્ણ કુશળતા વિકસાવવા પર ભાર મૂકે છે. તેઓને સતત બદલાતી દુનિયામાં ખીલવા માટેની આવશ્યક ક્ષમતાઓથી સજ્જ કરવાનો હેતુ છે.

**(૫) સુખાકારી અને આરોગ્ય:**–સુખાકારી અને આરોગ્યને પ્રોત્સાહિત કરે છે. તે પોષણ, વ્યક્તિગત સ્વચ્છતા, શારીરિક તંદુરસ્તી અને ભાવનાત્મક સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**(ક) સ્થાનિક અને સાંસ્કૃતિક સુસંગતતા:–**સાંસ્કૃતિક અને સ્થાનિક જ્ઞાન,ભાષાઓ અને પરંપરાઓને એકીકૃત કરવાના મહત્ત્વને ઓળખે છે.તેનો ઉદ્દેશ્ય બાળકોને પોતાની સંસ્કૃતિ અને વારસા માટે મૂળ,ઓળખ અને પ્રશંસાની ભાવનાથી સજ્જ કરવાનો છે. આ નીતિ નવીન પ્રકારે બાળશિક્ષણ આપવાનું સુચન છે જેમાં નીચે જણાવેલ મુદ્દાઓ ખાસ છે.

(અ) લવચીક, મલ્ટી લેવલ, બહુપક્ષીય, પ્લે–આધારિત, પૂછપરછ આધારિત, પ્રવૃત્તિ આધારિત.(બ) શીખવાની પદ્ધતિઓનો સમાવેશ થાય છે:–મૂળાક્ષરો, સંખ્યાઓ અને ગણતરી, રંગો અને આકાર,ભાષાઓ, ઈન્ડોર અને આઉટડોર નાટક, સમસ્યા ઉકેલવાની, કોયડાઓ અને તાર્કિક વિચારસરણી, હસ્તકલા, નાટક અને કઠપૂતળી, ચિત્રકામ, ચિત્રકામ અને અન્ય દૃશ્ય કલા, સંગીત અને ચળવળ અને (ક) વિકાસ પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે:–સારું વર્તન, સામાજિક ક્ષમતાઓ, નીતિશાસ્ત્ર, માનવ–સંવેદનશીલતા, સૌજન્ય, ટીમવર્ક અને સહકાર,વ્યક્તિગત અને જાહેર સ્વચ્છતા  વિગેરે.

આ ઉપરાંત એન.સી.ઈ.આર.ટી. દ્વારા ૮–વર્ષ સુધીના બાળકો માટે National Curricular and Pedagogical Framework for Early Childhood Care and Education (NCPFECCE) તૈયાર કરવામાં આવશે.જે બે ભાગમાં વહેંચાયેલું હશે.૦–૩ વર્ષના બાળકો માટે અને ૩–૮ વર્ષના બાળકો માટેનું માળખું.જેમાં ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાને રાખી  પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણના ક્ષેત્રમાં થયેલા રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય નવાચાર અને ઉતકૃષ્ટ કાર્યપ્રણાલી નવા સંશોધનો નો સમાવેશ કરવાનું પ્રયોજન છે. ખાસ કરીને ભારતમાં સદીઓથી બાળ–શિક્ષણના વિકાસમાં સમૃદ્ધ પરંપરાઓ છે જે સ્થાનિક કક્ષાએ પ્રચલિત છે જેવી કે, કલા,વાર્તા,રમત,કવિતા,ગીત અને એવું જે ઉપલબ્ધ છે તેનો પણ અહીં સમાવેશ કરવામાં આવશે.

**(ક) "પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ" –અધ્યયનનો શૈક્ષણિક પાયો:–**

"બાળક" એ તો ઈશ્વરનું બીજું સ્વરુપ છે જે નિર્દોષ અસ્તિત્વની ઝાંખી વિશ્વ સમાજને કરાવતું હોય છે. તેની બાળ સમજ અને બાળ–માનસિકતા નો યોગ્ય વિકાસ થવા માટેના પરિબળોમાં તેના આસપાસનું બહુ–આયામી અને સમગ્ર વાતાવરણ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.જેમ નાના છોડને–તેની યોગ્ય વૃદ્ધિ માટે સારી જમીન,યોગ્ય ગુણવતાયુકત ખાતર, પાણી, હવા–ઉજાસ અને કયારેક લાકડી સ્વરુપે ટેકાની

ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

જરુરીયાત હોય છે તેવી જ રીતે બાળકના સર્વાંગી વિકાસ માટે યોગ્ય કેળવણી, સારા સંસ્કારોનું સિંચન, જ્ઞાન–પિપાસાને સંતોષવા અનુરુપ વિશેષ માવજત જેવી અનેક બાબતો મહત્ત્વની છે.બાળ સંભાળ અને તે સમય ગાળા દરમ્યાન તેણે મેળવેલ શિક્ષણ ખરેખર તેના ભવિષ્યના નિર્માણમાં પ્રેરકબળ સમાન છે.નવી શિક્ષણ પ્રણાલી બાળ–અભ્યાસના પાઠયક્રમો બાળકની માનસિકતા–મનોસ્થિતિને ધ્યાને રાખી બનાવવામાં આવેલ છે જે ખરેખર ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટે દિવા–દાંડી સ્વરુપ છે.

**"ગુરૂ ગોવિંદ દોઉ ખડે કાકે લાગૂ પાય, બલિહારી ગુરૂ આપને ગોવિંદ દિયો બતાય".**

શિષ્યોને જ્ઞાન આપનારા ગુરૂઓ–શિક્ષકો–એ તો દરેક જમાનામાં પૂજનીય ગણાતાં હતાં અને નિરંતર ગણાતાં રહેશે.ગુરૂ દ્રોણાચાર્ય હોય કે વિશ્વામિત્ર કે સાંદીપની–આજે પણ દરેક ભારતવાસીઓ માટે શિક્ષકના સ્વરુપમાં તેઓ માટે ગૌરવની અનુભુતિ કરાવે છે.સમયાંતરે વિશ્વફલક પર શિક્ષા–શિક્ષણની બદલાતી જતી પરિભાષાઓ મુજબ આધુનિક શૈલીના શિક્ષકોનો ઉદય થયો,જે તેઓના વિદ્યાર્થીઓ સર્વ ગુણસંપન્ન બનાવવાનો હર હમેંશ પ્રયત્નો કરે છે. હવે ડીઝીટલ ટેકનોલોજી અને સ્માર્ટ ફોનના સહારે "સ્માર્ટ બોર્ડ" શિક્ષણ આપવાનું ભગીરથ કાર્ય કરવાનું ગૌરવ પ્રાપ્ત કરેલ છે જે ખરેખર તો  બદલાતી શિક્ષણ પ્રથાને વધું ઉજાગર કરે છે.નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગની મદદથી પ્રારંભિક બાળપણના શિક્ષણ માટે શિક્ષણશાસ્ત્ર અને અભ્યાસક્રમ માળખાને મજબૂત બનાવવાની વાત પર ભાર મુકે છે.સારા પ્રશિક્ષિત શિક્ષકો સાથે ઉચ્ચ ગુણવતા ભર્યુ શિક્ષણનું માળખું બનાવવું.આ માળખું પ્રારંભિક બાળપણની શૈક્ષણિક સંસ્થાઓ અને માતાપિતા બંને માટે માર્ગદર્શક તરીકે કામ કરશે. ECCE માટે વ્યવસાયિક રીતે લાયકાત ધરાવતા શિક્ષકોની પ્રારંભિક કેડર તૈયાર કરવા માટે વર્તમાન આંગણવાડી શિક્ષકો/કર્મચારીઓને–NCERT–દ્વારા વિકસિત–National Curricular and Pedagogical Framework for Early Childhood Care and Education (NCPFECCE) ફ્રેમવર્ક અનુસાર વ્યવસ્થિત રીતે તાલીમ આપવામાં આવશે. આંગણવાડી કાર્યકરો/શિક્ષિકાઓ કે જેઓ ૧૨મું પાસ આઉટ છે અથવા ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવે છે તેઓને પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણમાં છ–મહિનાનો પ્રમાણપત્ર કાર્યક્રમ આપવામાં આવશે.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

ECCEના શિક્ષણના તાલીમી કાર્યક્રમોનું નિરીક્ષણ શાળા શિક્ષણ વિભાગના સીઆરસી દ્વારા કરવામાં આવશે. સતત સંપર્ક વર્ગનું આયોજન દ્વારા તેઓનું સતત મૂલ્યાંકન થશે.ECCE ના શિક્ષણને આદિવાસી વિસ્તારોમાં આવેલી આશ્રમ શાળાઓ તેમજ વૈકલ્પિક શિક્ષણની તમામ વ્યવસ્થાઓમાં તબક્કાવાર શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત પ્રારંભિક બાળ–સંભાળ અને શિક્ષણના અભ્યાસ ક્રમને ધ્યાને લઈ તેની સંરચના અને શિક્ષણ વ્યવસ્થા નક્કી કરવાની જવાબદારી માનવ સંશાધન વિકાસ મંત્રાલયની રહેશે.જેથી પ્રાથમિક શાળાના માધ્યમથી પૂર્વ પ્રાથમિક શાળા સુધીની એક સુત્રતા સુનિશ્ચિત થઈ શકે અને શિક્ષણની મૂળભૂત બાબતો પર ધ્યાન કેંદ્રીત કરી શકાય. પ્રારંભિક બાળ–સંભાળ અને શિક્ષણનું આયોજન અને અમલીકરણ વિવિધ વિભાગો જેવા કે મહિલા અને બાળવિકાસ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તેમજ આદિજાતિ મંત્રાલય દ્વારા સંયુકત રીતે હાથ ધરવામાં આવશે.આ સમગ્ર પ્રક્રીયાઓ માટે તેમજ યોગ્ય અમલીકરણ માટે સતત માર્ગ દર્શન મળી રહે તે માટે એક ખાસ **'ટાસ્ક ફોર્સ'**ની પણ રચના કરવાનું આયોજન છે. આજે ભારતમા અંદાજે ૧૫ લાખ શાળાઓ,૨૭ કરોડ વિદ્યાર્થીઓ અને આશરે ૯૫ લાખ શિક્ષકો નવી શિક્ષણ નીતિ–૨૦૨૦ અન્વયે દરેક તબક્કે યોગ્ય અને અનુરુપ શિક્ષણ મેળવવા–આપવા તરફ ગતિમાન થયાં હશે, ત્યારે આગામી વર્ષોમાં નવા ઉમેરાતા જતાં બાળકો–શિક્ષકોના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે આ નીતિ ચોક્કસ પણે કટીબધ્ધ બનશે અને ભારતના દરેક વિદ્યાર્થીઓનું ભવિષ્યને ઉજ્જ્વળ બને એવી આશા છે.

**(૭) ઉપસંહાર:–**

ભારતની દૈદિપ્યમાન સંસ્કૃતિ તરફ નજર કરીએ તો જણાશે કે અહીં રામાયણ અને મહાભારત કાળમાં પણ શિક્ષણનું મહત્ત્વ જોવા મળે છે.આપણને મહાજ્ઞાની ગુરુ દ્રોણાચાર્ય અને એકલવ્ય અને અર્જુન જેવા ધુરંધર શિષ્યો પ્રાપ્ત થયાં હતાં એ વાત કેમ વિસરાશે?ગુરુ સાંદિપનિ આશ્રમનો ઈતિહાસ તો દરેક ભારતીયો માટે ગૌરવશાળી શિક્ષણ પ્રથાનો સાક્ષી છે.ભારતનું "નાલંદા વિશ્વ–વિદ્યાલય" તેની વિશિષ્ટ શિક્ષણ પ્રથાને કારણે આજે પણ પ્રખ્યાત છે.સમયાંતરે બદલાતાં વિશ્વમાં ત્યાર બાદ તો દેશ–પરદેશના ઘણાં વિશ્વ–વિદ્યાલયો હવે માનવ વિકાસનું સુંદર પ્રતિબિંબ છે.વિશ્વના વિકાસિત દેશોની સાથે હવે કદમતાલ મિલાવી ખૂબજ ઝડપથી

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

"વિશ્વ–ગુરુ"બનવા તરફ અગ્રેસર બની રહેલાં ભારત "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦"ની સુંદર પરિકલ્પનાને મુર્તિમંત સ્વરુપ આપવામાં આવ્યું છે એ ગૌરવશાળી સુવર્ણયુગ તરફનું એક વિરાટ પગલું છે. ભારતની નવી શિક્ષણ પ્રણાલી બાળ–સંભાળ અને શિક્ષણ પર વધું કેંદ્રિત છે તેથી મનોવૈજ્ઞાનિક સજ્જતા સાથે અને બાળકની મનોભાવનાને સરળતાથી સમજી તેઓને તે મુજબ શિક્ષણ પદ્ધતિથી જ્ઞાન આપનારા શિક્ષકો તૈયાર કરવામાં આવી રહ્યા છે જે આનંદની વાત છે પણ હજુ વધું મહેનત કરવાની જરુરીયાત જણાય છે. ભારતીય શિક્ષણ પ્રણાલીએ ૧૪૦ કરોડથી વધુ વસ્તી ધરાવતા પ્રગતિશીલ સમાજની જરૂરિયાતોને સંતોષશે એવો અભિગમ કેળવાશે એવી આશા રાખીએ અને આ દિશામાં આગામી વર્ષોમાં ઉતરોતર પ્રગતિ થશે એ વાસ્તવિકતા છે જે અસ્થાને નથી.

"રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦" ના અમલીકરણમાં ઘણી મુશ્કેલીઓ આવશે પણ તેનો સામનો કરી ૨૦૩૦–૪૦ના દાયકા સુધીમાં સંપૂર્ણ નીતિ કાર્યાંવિત અવસ્થામાં આવી ગઈ હશે એવી આશા નીતિમાં દર્શાવેલ છે. આના સુયોગ્ય અમલીકરણના અનેકવિધ પ્રયાસોના ફલસ્વરુપે શિક્ષણ જગતને નવા **પરિણામો** અને નવા **પરિમાણો** ચોક્કસ મળશે જે નવા યુગની શિક્ષણ પ્રથામાં અને તેના યોગ્ય અમલીકરણ માટે દુરોગામી અસરકર્તા બનશે એવી આશા છે. ભવ્યાતિત ભારતની શિક્ષણપ્રથા,શિક્ષણની પદ્ધતિઓ, માનવ જીવન કાળના મહત્ત્વના કાળ એવા બાળ–જીવનને અહીં ખૂબજ મહત્ત્વ આપવામાં આવ્યું છે.સમયની સાથે બધું બદલાયું એમ આધુનિક સમાજ રચનામાં અને ભારતના કરોડો બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને સર્વાંગિણ વિકાસ માટે **"શિક્ષણ" પણ "શિક્ષિત" થતું ગયું** એમ કહી શકાય. "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦" ભારતની શિક્ષણ પ્રણાલીને નવા સોપાનો સર કરવાની ક્ષમતા ધરાવે છે. આવો સૌ સાથે રહી આ ભગીરથ કાર્ય–શિક્ષણના મહાયજ્ઞમાં જ્ઞાન અને કુનેહથી,નૈતિકતા અને દેશ માટેની એક જવાબદારી ગણીને ભારતીય શિક્ષણને ઉચ્ચતમ સ્તરે લઈ જવાં માટે આહુતિ આપી આ મનુષ્ય જીવનને સાફલ્યતા બનાવીએ. આવો દરેક ભારતીયોને ગૌરાંવિત કરીને આપણાં ભારતદેશને વિશ્વ–ગુરુ બનાવીએ.

શિક્ષણ એ ભવિષ્યનો પાસપોર્ટ છે, કારણ કે આવતીકાલ તેની છે જેઓ આજે તેની તૈયારી કરે છે."–માલ્કમ એક્સ.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 1
January-February-2025

**સંદર્ભ ગ્રંથો:–**

(૧) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦–માહિતી પુસ્તિકા–પ્રકાશક–માનવ સંસાધન મંત્રાલય–ભારત સરકાર.

(૨) Two Article by Mr.Virmani Nitin-LEAD-digital school learning-blog- October-2023 / one-Why ECCE highlighted in NEP-2020? & second-ECCE-Transforming early child education.

(3) "New Education Policy-everything you need to know"-article by Mr. Jagpreet Singh Kundal-3/12/2021 @ Learning Routes.